**ડી.સી.બી. પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૯૧૦૧૧૨૪૦૧૩૮/૨૦૨૪ નાં કામે અરજદાર/આરોપી સાધુ સીતારામબાપુ રામદાસબાપુ નાંઓની જામીન અરજી લગત હુકમ.**

..................................................................................

(૧) અરજદાર/આરોપીની હાલની જામીન અરજી તથા કેસ પેપર્સ વંચાણે લીધા. બચાવ પક્ષે વિ.વકીલશ્રી તથા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. બનાવ અંગેની ટુંકમાં હકીકત ધ્યાને લઈએ તો આ કામનાં આરોપી સામે **ઈ.પી.કોડની કલમ:૨૯૪(ખ), ૨૯૫(ક), ૨૯૮, ૧૫૩(ક) તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(ડી)** મુજબનાં ગુન્હાનો આક્ષેપ છે.

(૨) બચાવપક્ષે વિ.વકીલશ્રી તરફે દલીલ છે કે, આરોપીએ આવો કોઈ ગુનો કરેલ નથી. આરોપીને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર/આરોપી સામે આક્ષેપીત ગુનામાં માત્ર ત્રણ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. અરજદાર/આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. અરજદાર/આરોપી હાલ જયુ.કસ્ટડીમાં છે. સદરહું ગુન્હામાં જામીન આપવાની નામદાર કોર્ટને સત્તા છે. તેમજ ટ્રાયલ ચાલતા દરમ્યાન નામ.સાહેબશ્રીની કોર્ટમાં હાજર રહેશે. સદર ગુના સબબ કામ ચાલતા ખુબજ સમય લાગે તેમ છે અને આ સંજોગોમાં આરોપી પ્રિ–ટ્રાયલ કન્વિશનનો ભોગ બને તેમ છે. સદરહું ગુનામાં સહ આરોપીને અત્રેની કોર્ટ ધ્વારા જામીન મુકત કરવામાં આવેલ હોય પેરીટીનાં ગ્રાઉન્ડસ પર જામીન મુકત કરવા જોઈએ. તેમજ નામ.અદાલત જે કોઈ શરતો ફરમાવવામાં આવશે તે શરતોનું પાલન કરવાની બાહેંધરી આપતા હોય આરોપીનાં જામીન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩) વિ. એ.પી.પી.શ્રી દ્રારા એવી રજુઆત છે કે, આરોપી સામે ગંભીર પ્રકારનાં ગુન્હાનો આરોપ છે. આ કામનાં અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો કોઈ જૈન સમાજનાં ઈસમ પર હુમલો થવાની શકયતા રહેલ છે. નાશી ભાગી જવાની શકયતા રહેલ છે. જે તમામ હકીકત ધ્યાને લઈ જામીન અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૪) બંને પક્ષોની રજુઆતો ધ્યાને લીધી. સદરહું કામમાં આરોપી સામે **ઈ.પી.કોડની કલમ:૨૯૪(ખ), ૨૯૫(ક), ૨૯૮, ૧૫૩(ક) તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(ડી)** મુજબનાં ગુન્હાનો આક્ષેપ છે. જેમા ત્રણ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. અરજદાર/આરોપી હાલ

જ્યુ.કસ્ટડીમાં છે. સદર ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા અત્રેની કોર્ટને છે. ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે. ટ્રાયલ વખતે આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તેમ છે અને સાહેદ પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતા જણાતી નથી. લાંબો સમય સુધી આરોપીને જ્યુ.કસ્ટડીમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થવાની શકયતાને નકારી શકાય નહી. નામદાર અદાલત જે કાંઈ પણ શરતો ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા બાંહેધરી આપે છે. વધુમાં અત્રેની અદાલત દ્વારા સહ આરોપીને અગાઉ જામીન મુકત કરવામાં આવેલ છે. જેથી સી.આર.પી.સી. કલમ:૪૩૭ અન્વયેની વિવેકાધીન સત્તાઓ આરોપીની તરફેણમાં વાપરવી યોગ્ય જણાઈ આવતી હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–::હુકમ::–</u>**

– હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

– ડી.સી.બી. પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૯૧૦૧૧૨૪૦૧૩૮/૨૦૨૪ નાં કામે **અરજદાર/આરોપી સાધુ સીતારામબાપુ રામદાસબાપુ** નાંઓને **રૂા.૨૦,૦૦૦/–(અંકે વીસ હજાર પુરા)** નાં જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો:</u>**

(૧) આરોપીએ અત્રેની કોર્ટની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજ્યની હદ છોડવી નહી.

(૨) આરોપીએ ફરીથી આવા પ્રકારની કોઈ ગુનાહીત પ્રવૃતિ કરવી નહી કે સોશીયલ મીડીયામાં આવા પ્રકારની કોઈ પોસ્ટ કરવી નહી.

(૩) આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો દિન–૦૩ માં અત્રેની અદાલત સમક્ષ રજુ કરવું. જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો સોંગદનામાથી જાહેર કરવું.

(૪) આરોપીએ તપાસ કરનાર અમલદાર જયારે અને જયાં બોલાવે ત્યારે હાજર રહેવુ અને તપાસમાં સહકાર આપવો.

(૫) આરોપીએ પોતાની ઓળખનો અને કાયમી રહેઠાણનો મોબાઈલ નંબર સહીત પુરાવો રજુ કરવો. જે અત્રેની અદાલતની પુર્વ પરવાનગી વગર બદલવુ નહી.

(૬) આરોપીએ ચાર્જસીટ થતા સુધી દર માસની ૦૧ થી ૦૫ તારીખ સુધીમાં એક વખત

ડી.સી.બી. પોલીસ સ્ટેશન, અમદાવાદમાં હાજરી આપવી.

હુકમ આજ રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૦૫/ ૦૭ /૨૦૨૪

મુ.અમદાવાદ.

**( મનીષ વી. ચૌહાણ )**
૨૩માં એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૧,અમદાવાદ સીટી
જજ કોડ નં.જી.જે.૦૧૦૧૫